**ભારત-ફ્રાન્સ વિદેશ કાર્યાલય પરામર્શ (13 એપ્રિલ, 2026)**

13 એપ્રિલ, 2026

પેરિસમાં 13 એપ્રિલ 2026 ના રોજ ભારત ફ્રાન્સની વિદેશ કાર્યાલય પરામર્શ બેઠક આયોજિત કરવામાં આવી હતી, જેની સહ-અધ્યક્ષતા વિદેશ સચિવ શ્રી વિક્રમ મિશ્રી અને યુરોપ અને વિદેશ મંત્રાલયના મહાસચિવ, શ્રી માર્ટિન બ્રાયન્સ દ્વારા કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન, વિદેશ સચિવે ફ્રાન્સના યુરોપ અને વિદેશ મંત્રી શ્રી જીન-નોયલ બેરોટ સાથે મુલાકાત કરી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિના રાજદ્વારી સલાહકાર શ્રી ઇમેન્યુઅલ બોનને પણ મળ્યા હતા.

2.બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓમાં કરેલી પ્રગતિની વ્યાપક સમીક્ષા હાથ ધરી હતી, ખાસ કરીને વિશેષ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી અને ફેબ્રુઆરી 2026 માં રાષ્ટ્રપતિ મેક્રોનની ભારતની મુલાકાતના સંદર્ભમાં. બંને પક્ષોએ 'ભારત-ફ્રાન્સ નવીનતા વર્ષ', આર્થિક સુરક્ષા પર સહયોગ, ફ્રાન્સમાં વધુ ભારતીય વિદ્યાર્થીઓ સહિત STEM પ્રતિભાના ક્રોસફ્લોમાં વધારો કરવાની સહિયારી મહત્વાકાંક્ષા અને ખાસ કરીને ભારત-EU મુક્ત વેપાર કરારની વાટાઘાટોના નિષ્કર્ષને ધ્યાનમાં રાખીને દ્વિપક્ષીય વેપારને બમણો કરવાનો ધ્યેય સહિત મુખ્ય સિદ્ધિઓની પણ સમીક્ષા કરી.

3. ચર્ચામાં સંરક્ષણ, નાગરિક પરમાણુ ઉર્જા, અવકાશ, સાઇબર અને ડિજિટલ, AI, સંસ્થાકીય સંવાદ પદ્ધતિઓ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો અને સાંસ્કૃતિક સંબંધોને પ્રોત્સાહન આપતી પહેલ સહિત દ્વિપક્ષીય સહકારના વ્યૂહાત્મક ક્ષેત્રોનો સમાવેશ થાય છે. બંને પક્ષોએ પર્યાવરણ, જળવાયુ પરિવર્તન અને આરોગ્યમાં સહકાર, ભારત-પ્રશાંત ક્ષેત્રમાં સહકાર, ત્રિપક્ષીય સંવાદો, ત્રીજા દેશોમાં સંયુક્ત વિકાસ પ્રોજેક્ટ તેમજ પશ્ચિમ એશિયા અને યુક્રેનમાં વિકાસ જેવા વૈશ્વિક મુદ્દાઓ પર પણ મંતવ્યોનું આદાન-પ્રદાન કર્યું હતું.

4. વિદેશ સચિવ વિક્રમ મિશ્રી અને સેક્રેટરી જનરલ માર્ટિન બ્રાયન્સ આ વર્ષના અંતમાં યોજાનાર 'વ્યૂહાત્મક અવકાશ સંવાદ' માટે ફરીથી મુલાકાત કરવા સંમત થયા હતા.

પેરિસ

13 એપ્રિલ, 2025